નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

# અરુણોદય



આવૃત્તિ : ૧ એપ્રિલ-૨૦૨૩

| પ્રેરક | | માર્ગદર્શક-તંત્રી | સહ-તંત્રી | સંપાદક | |
|---|---|---|---|---|---|
| ડો. સુજય મહેતા<br>ચેરમેન | શ્રી વિપુલભાઈ સેવક<br>વાઈસ ચેરમેન | ડો. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | દિપ્તિ પંડ્યા<br>સંચાલક | ડો. અશ્વિનભાઈ ત્રિવેદી<br>ના.શાસનાધિકારી | શ્રી પરિમલભાઈ પટેલ<br>ના.શાસનાધિકારી |

સંકલન : અધ્યાપકગણ નૂતન તાલીમ વિભાગ ● પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## પાથેય

અમદાવાદમાં સૌપ્રથમ શાળા હરકુંવર શેઠાણીએ ૧૮૪૯ માં પ્રારંભ કરી. ત્યારબાદ ૧૮૫૪ ના વુડના ખરીતામાં શિક્ષણ તંત્ર વિષેની વિગતો રજૂ કરાઈ. પરંતુ ૧૮૮૨ માં હન્ટર કમિશનમાં સૌપ્રથમ પ્રાથમિક શિક્ષણ માટે વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી. તેમાં પ્રાથમિક શિક્ષણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સોંપવાની જોગવાઈ કરવામાં આવી.

આ જોગવાઈના અનુસંધાને ઈ.સ. ૧૯૨૦ માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદની સ્થાપના થઈ. ઈ.સ. ૧૯૨૦ થી સતત અમદાવાદ મહાનગરમાં આવેલી પ્રાથમિક શાળાઓનું સફળ સંચાલન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કરી રહી છે.

આજે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના અનેક વિદ્યાર્થીઓ પોતપોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે અનેક વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦ માં કરેલ જોગવાઈઓની પૂર્તતા માટે સરકારશ્રીએ ૨૦૨૬ - ૨૭ સુધી FLN માં ૧૦૦% વિદ્યાર્થીઓ સિદ્ધી પ્રાપ્ત કરે તે માટે જોગવાઈ કરી છે. પરંતુ ન.પ્રા.શિ.સમિતિ દ્વારા શિક્ષકોના સમયદાન થકી આ વર્ષે મહત્તમ બાળકો FLN માં સજ્જતા મેળવે તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. આપણી ભારતીય શિક્ષા પ્રણાલી વિશ્વને આકર્ષનારી રહી હતી તેનો આપણે સૌ ગર્વ અનુભવીએ છીએ. કમનસીબે આ શિક્ષા પદ્ધતિને વિદેશી આક્રમકોનું ગ્રહણ લાગ્યું હતું પરંતુ વર્તમાન કેન્દ્ર સરકારે નિર્માણ કરેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ દ્વારા આ ગ્રહણને નાબુદ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે તેને વેગ મળશે.

જ્યારે જ્યારે સામાજિક વિચારમાં પરિવર્તન લાવવા વિચાર થયો છે ત્યારે આપણા કેટલાય મહાપુરુષો દ્વારા જાગરણ પત્રિકાને શ્રેષ્ઠ આધાર માનવામાં આવ્યું છે. જેના આઝાદી સમયના ઘણા ઉદાહરણો છે, તેમ જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા બહાર પાડવામાં આવનાર આ 'અરૂણોદય' સામાયિક શિક્ષણ ક્ષેત્રે નવા વિચાર, પ્રવૃત્તિ, પ્રગટીકરણ અને પ્રેરણા આપનારું બની રહેશે.

આ સમાયિકનો તમામ શાળાઓ ઉપયોગ કરે અને સાચા અર્થમાં શિક્ષાના અરૂણોદયને અંત્યોદય સુધી લઈ જઈએ તે જ અપેક્ષા.

દ્વિતીય સત્રાંત પરીક્ષામાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની ખૂબ ખૂબ શૂભેચ્છા.

**ભારતમાતા કી જય**
**જય જય ગરવી ગુજરાત**

| | | |
|---|---|---|
| શ્રી વિપુલભાઈ સેવક<br>વાઈસ ચેરમેન | ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | ડૉ. સુજય મહેતા<br>ચેરમેન |

## તંત્રી સ્થાનેથી....

સૌ વાચક મિત્રોને નમસ્કાર,

શિક્ષણના નૂતન પ્રવાહો અને શિક્ષણની નવિનતમ પહેલોથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો સતત્ત સજ્જ રહે તે માટે સ્કૂલ બોર્ડ અમદાવાદ દ્વારા ૧૯૬૮માં શરૂ કરેલા નૂતન તાલીમ વિભાગ જે નૂતન શૈક્ષણિક પ્રવાહો અને શિક્ષણની ગુણવત્તા વધે તે માટે તાલીમનું આયોજન કરવા કાર્યરત છે આપ સૌને જણાવતા આનંદ અનુભવું છું કે સ્કૂલબોર્ડની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વાચા આપતું સામાયિક 'અરૂણોદય' નામથી ફરી એકવાર આપ સૌ આગળ પ્રગટ કરી રહ્યા છીએ. આ સામાયિક દ્વારા સ્કૂલબોર્ડની દરેક શાળાઓમાં થતી ઉત્કૃષ્ટ કામગીરી, પ્રવૃત્તિઓ, જીવન ચરિત્ર, ધર્મ અને સંસ્કૃતિ, જાણવા જેવું, બાળગીત, વાર્તા ,શિક્ષકો, વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ કૃતિઓ પ્રગટ કરી આપ સૌ સમક્ષ મૂકવામાં આવશે.આ સામયિક આપ સૌ માટે અભિવ્યક્તિને વાચા આપવાનું માધ્યમ બનશે તેવી અપેક્ષા સહ...

## આચમન

**गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।**
**या स्वयं पद्मनाभस्य मुखपद्माद् विनिः सृता ॥**

" ગીતા સુગીતા કરવા યોગ્ય છે. તેને વાંચી અર્થ ભાવસહિત અંતઃકરણમાં ધારણ કરવી જોઈએ. જ્ઞાન સ્વયં પદ્મનાભ વિષ્ણુના મુખકમળમાંથી વહ્યું છે, તેથી બીજાં શાસ્ત્રોના વિસ્તારનો શું હેતુ ?"

'ગીતા' શબ્દ **ગૈ** ધાતુ પરથી બનેલો કર્મણિ ભૂતકૃદંતનું સ્ત્રીલિંગ રૂપ છે. 'ગીતા'નો સાદો અર્થ 'ગવાયેલું' એવો થાય છે. વળી, તેમાં ઉપનિષદનો અધ્યાહાર છે એટલે ગવાયેલું ઉપનિષદ એવો પણ એક અર્થ નીકળે. ઉપનિષદ એટલે જ્ઞાનબોધયુક્ત શાસ્ત્ર. આ અર્થમાં જોઈએ તો 'ગીતા' એટલે આત્મજ્ઞાનપૂર્વક ભક્તિભાવે નિષ્કામ કર્મ કરવા પ્રેરનારું એક દૈવી અને દિવ્ય ગીત.

દુનિયાની એકેય ભાષા બાકી રહી નથી કે જેમાં આ અતુલ્ય ગ્રંથનો અનુવાદ ન થયો હોય. અરે ! અનુવાદ સાથે તેનો વિહંગાવલોકનપૂર્વક ગહન અભ્યાસ પણ થયો છે અને વિવેચન પણ થયું છે. આ વસ્તુ જ આ મહાગ્રંથની શ્રેષ્ઠતા સાબિત કરે છે. આ વાત જ આપણાં સૌ માટે અતિ ગૌરવભરી વાત છે.વિશ્વના દાર્શનિકોએ બેહદ પ્રશંસા આ ગ્રંથ વિશે કરી છે, ત્યારે સ્વાભાવિકપણે સૌને એવો પ્રશ્ન થાય જ કે આખરે આ અતુલ્ય અને અદ્ભુત દર્શનશાસ્ત્રમાં એવું તે શું ભર્યું છે કે પૂરા વિશ્વને તેનું આકર્ષણ થયું ?

**“આરોહ” AROH ‘Aptitude with Rapid Opportunity and Harmony’ દ્વારા પ્રથમ સોપાનનો કાર્યક્રમ (૦૭/૦૨/૨૦૨૩)**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ, દક્ષિણ - પશ્ચિમ ઝોન દ્વારા ઝોનની ૨૬ શાળાઓમાં નેશનલ એજ્યુકેશન પોલીસી - ૨૦૨૦ અંતર્ગત શાળાઓમાં શૈક્ષણિક ગતિવિધિઓને ક્રમશઃ આગળ વધારવા તથા બાળકોના સર્વાંગીણ વિકાસના ઉદ્દેશ્યને ધ્યાને લઈ, બાળકો અને શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે ધોરણ ૪ થી ૮માં અંગ્રેજી વાંચન માટે ‘લેટ્સ રીડ’, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પૃથ્વીના ગોળા પર વિદ્યાર્થીઓ સરળતાથી જુદા જુદા દેશ, રાજધાનીઓ, અક્ષાંશ - રેખાંશ, વૃત્તો, ખંડો, મહાસાગરો વગેરે શોધી શકે તે માટે ‘પૃથ્વીના પ્રવાસે‘ પ્રવૃત્તિ, ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓમાં ગણન ઘડતર વધુ સઘન બનાવવા માટે ‘ઘડિયા‘, ધોરણ ૪ અને ૫ તથા ધો. ૬ થી ૮માં ગુજરાતી શબ્દકોશમાંથી શબ્દો શોધવા, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી શબ્દકોશનો ઉપયોગ વધારવા માટે ‘શબ્દશોધ‘ અને શાળા ગ્રંથાલયના પુસ્તકો બાળકો વધુ વાંચતા થાય, વિદ્યાર્થીઓમાં વાંચનનો વ્યાપ વધે તે માટે સૌથી વધુ પુસ્તકો વાંચનાર તથા તેનું ચિંતન કરાનાર અને પુસ્તકો વિષે વિદ્યાર્થીઓ બોલી શકે, તે માટે ‘ચાલો, વાંચીએ’ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દક્ષિણ-પશ્ચિમ ઝોન ની શાળાઓમાં કરવામાં આવી હતી.

**શ્રેષ્ઠ કામગીરી કરનારા અમદાવાદ પૂર્વઝોનની શાળાના શિક્ષકોના સન્માનમાં “શૈક્ષણિક સિદ્ધિ ઋણ સ્વીકાર કાર્યક્રમ” (૧૦/૦૨/૨૦૨૩)**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ(પૂર્વ ઝોન) દ્વારા શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોના સન્માનમાં ૧૦-૦૨-૨૦૨૩ ને શુક્રવારે શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ, વસ્ત્રાલ ખાતે આયોજિત ‘શૈક્ષણિક સિદ્ધિ ઋણ સ્વીકાર કાર્યક્રમ’ પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી ડો. એમ.આઈ. જોષીની ઉપસ્થિતિમાં યોજાયો હતો . આ કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળા દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સુધારણા સંદર્ભે થયેલી વિશેષ પહેલોને ૨૧ કેટેગરીમાં, ૬૭ શિક્ષકોને સ્મૃતિચિહ્ન આપી , શાલ ઓઢાડીને અને કાર્યક્રમની ખાસ ડિઝાઈન કરેલી પેન દ્વારા મુખ્ય મહેમાનોના હસ્તે શિક્ષકોનું સન્માન (ઋણ સ્વીકાર) કરાયું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનના જ્ઞાનો ઉપયોગ કરી વિવિધ જાદુઈ પ્રવૃત્તિઓ અને બીજા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ તમામ વિદ્યાર્થીની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ પોતે જ એન્કર પણ રહ્યા હતાં. ઝોન લેવલે પ્રથમ વખત પ્રચંડ કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમમાં શિક્ષકોનો ઉત્સાહ વધારતા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ પ્રેરક પ્રવચન આપતા. સુંદર કામગીરી માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા તેમજ સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી અને શાસનાધીકારીશ્રીએ ઉત્સાહવર્ધક અને શુભેચ્છા આપતા પ્રવચન કર્યા હતા.

**એકેડેમિક સ્ટ્રેન્થ પર ભાર આપતું સ્કૂલ બોર્ડનું ૧૦૭૧ કરોડનું બજેટ :**

મ્યુનિ. શાળાઓમાં ભણતાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તેવા હેતુથી એકેડેમિક સ્ટ્રેન્થ વધારવા અને સ્કિલ ડેવલપમેન્ટ ઉપર ખાસ ભાર સાથે સ્કૂલબોર્ડનું સને ૨૦૨૩-૨૪નાં વર્ષ માટે ખાસ ઠરાવથી ૧૦૭૧ કરોડનું બજેટ મંજુર થયું છે, આ બજેટમાંથી પગાર અને પેન્શનના ખર્ચ સિવાયની બજેટની રકમ વિદ્યાર્થી વિકાસ અને શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ ખર્ચાશે. સિગ્નલ સ્કૂલના બાળકોને સ્કિલ ડેવલપમેન્ટ અંતર્ગત વ્યવસાયલક્ષી શિક્ષણ આપવામાં આવશે. ભાર વગરના અને પ્રેક્ટીકલ નોલેજ મળે તે હેતુથી પ્રિ-વોકેશનલ કોર્સ શરૂ કરાશે. સરકારના મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સમાં ૨૧૭ જેટલી શાળાઓનો રાજ્ય સરકાર દ્વારા સમાવેશ થયો છે અને આ શાળાઓ એક્સલન્સ સર્ટિફિકેટ મેળવે તે માટે આયોજનબદ્ધ મોનિટરિંગની વ્યવસ્થા સુદ્રઢ બનાવવામાં આવી છે. હમ ફીટ તો ઈન્ડિયા ફીટ અંતર્ગત સ્પોર્ટ્સ સંકુલનું નિર્માણ, માતૃભાષા સજ્જતા,સંસ્કૃતભાષા અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકનું લેખન અને પઠન, રમત ગમત માટે પ્રશિક્ષણ જેવી ઘણી વિદ્યાર્થીલક્ષી બાબતોને આવરી લેવામાં આવી છે.

**વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ : (૨૧/૦૨/૨૦૨૩**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંયુકત ઉપક્રમે ‘‘મારી ભાષા, મારું ગૌરવ’’ અંતર્ગત ૨૧ મી ફેબ્રુઆરી ૨૦૨૩ ને મંગળવારના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનો કાર્યક્રમ પંડિત દીનદયાળ હોલ ,બોડકદેવ ,અમદાવાદ ખાતે યોજાયો હતો. વિશ્વ માતૃભાષા દિવસના કાર્યક્રમનો શુભારંભ ભવ્ય ગ્રંથયાત્રાથી કરવામાં આવ્યો હતો. આ ગ્રંથયાત્રામાં માતૃભાષાના વિશેષ સૂત્રો સાથે હાથી ની અંબાડી, ઊંટ અને ઘોડાગાડી પર ઢોલ, નગારા અને બેન્ડના તાલે નીકળી હતી . આ કાર્યક્રમમાં કેબિનેટ કક્ષાના શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિત

રહી હતી. કાર્યક્રમના દ્વિતીય ભાગમાં શિક્ષકો દ્વારા લોકગીતોની રમઝટ જામી હતી. સ્કૂલબોર્ડ અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા મહાન લેખકો, કવિઓ અને સાહિત્યકારોની વેશભૂષા ધારણ કરી મંચ પર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદના ભાગમાં વિખ્યાત લેખક શ્રી નિમીત્તભાઈ ઓઝા અને કવિશ્રી તુષારભાઈ શુક્લાએ માતૃભાષા માટે પ્રેરક ઉદબોધન કર્યું.

આ સાથે સ્કૂલબોર્ડ અમદાવાદની ૧૦૦ શાળાઓ દ્વારા માતૃભાષાના પ્રેરક સંદેશો આપતા સુવાક્યોનું (slogan) અમદાવાદના ૧૦૦ જાહેર સ્થળો પર નિરૂપણ કરવામાં આવ્યું હતું .તેમજ સ્કૂલબોર્ડની ૪૫૯ શાળાઓમાં પ્લેકાર્ડ સાથે ભવ્ય ગ્રંથયાત્રા નીકળી અને ૨૫ લાખ લોકો સુધી માતૃભાષાનો સંદેશો પહોંચ્યો હતો. તેમજ ગીત સ્પર્ધા,અભિનય, વકૃત્વ સ્પર્ધા, ડિબેટ, અંતાક્ષરી ,ભવાઈ,નાટક અને કાવ્ય જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું .



**'સંકલ્પોથી સિદ્ધિ' શીર્ષક હેઠળ ઉત્તર-પશ્ચિમ ઝોનનો શિક્ષક-વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયો. (૨૨/૦૨/૨૦૨૩)**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત ચાણક્ય પ્રાથમિક શાળામાં ઉત્તર પશ્ચિમ ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શાળાઓ, FLN મુક્ત વર્ગ કરનાર શિક્ષકો, શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકો અને શ્રેષ્ઠ સિદ્ધિ પામનાર વિદ્યાર્થીઓના સન્માન માટે "સંકલ્પોથી સિદ્ધિ : ૨૦૨૩" નો કાર્યક્રમ તા.૨૨/૦૨/૨૦૨૩ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સાથે જ ચાણક્ય પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ મેળાની પ્રવૃત્તિઓ જીવન ઘડતર ,સ્કીલ ડેવલોપ કરનારી અને વોકેશનલ તાલીમ આપનારી હતી. આ આનંદમેળામાં દરેક પ્રવૃત્તિઓનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા જ થયું હતું આ આનંદમેળામાં પ્રવેશ માટે ફી રાખવામાં આવી હતી તેમ છતાં મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકો દ્વારા થતી પ્રવૃતિઓ જોવા આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ગેમ ઝોનમાં ખૂબ જ વ્યક્તિગત રસ લઈ દરેક સ્ટોલ પર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને ગેમ્સનો આનંદ માણ્યો હતો .

**માસિક ધર્મ અંગેની અજ્ઞાનતા દૂર કરવા અને નારી શક્તિના સન્માનમાં 'ચેતના' સંસ્થાના સહયોગથી પશ્ચિમ ઝોન દ્વારા " RED અચ્છા હૈ " કાર્યક્રમ યોજાયો. (૨૩/૦૨/૨૦૨૩)**

છોકરીઓને થતા સામાજિક ભેદભાવ અને માસિક ધર્મ વિષે વૈજ્ઞાનિક માહિતી તેમજ માસિક ધર્મ સાથે સંકળાયેલી ખોટી માન્યતાઓ દુર કરવાના ઉદેશ્યથી ચેતના સંસ્થા દ્વારા "RED અચ્છા હૈ" : અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. "બેટી બચાઓ, બેટી પઢાઓ" યોજનાના ઉદેશ્ય અંતર્ગત ચેતના સંસ્થા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ તેમજ આરોગ્ય શાખા, અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના સહકારથી તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ "RED અચ્છા હૈ" અભિયાનનો ઉદ્‌ઘાટન સમારોહ વાસણા ગુજરાતી શાળા નંબર – ૩ માં કરવામાં આવ્યો હતો. માસિક ધર્મ અને તેની સ્વચ્છતા સાથે પૌષ્ટિક આહાર અને તેનું મહત્વ વિષય ઉપર માહિતી તેમજ ભણતરની સાથે સાથે શારીરિક સ્વચ્છતા ઉપર ખાસ ધ્યાન આપવાથી ભવિષ્યની સંભવિત બિમારીઓથી રક્ષણ કેવી રીતે મળે તેની માહિતી આપવામાં આવી હતી.

**વાર્ષિક રમતોત્સવ (૨૭/૦૨/૨૦૨૩)**

રમતો આપણા આત્મવિશ્વાસમાં વધારો કરે છે. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ગુણનો વિકાસ થાય છે.રમતગમત સંતુલિત માનસિક અને શારીરિક વિકાસ તરફ દોરી જાય છે વિકસતા બાળકો માટે, તેમના શરીર અને મનના વિકાસમાં રમતગમત ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. શૈક્ષણિક સ્તરને સુધારવામાં પણ મદદ કરે છે, સ્કૂલબોર્ડ અમદાવાદનો શહેર કક્ષાનો વાર્ષિક રમતોત્સવ નરોડા SRP હેડક્વાર્ટર સૈજપુર ગ્રાઉન્ડ ખાતે તા. ૨૭/૦૨/૨૦૨૩ના રોજ ઉજવાયો હતો . જેમાં સ્કૂલ બોર્ડની ૪૫૯ શાળાઓના શાળા ,બીટ અને ઝોન કક્ષાના રમતોત્સવમાં વિજેતા થયેલ ૭૨૫ વિદ્યાર્થીઓ અને ૭૨૦ શિક્ષકોએ શહેર કક્ષાના રમતોત્સવમાં ભાગ લીધો હતો.





આગામી ૨૦૩૬માં યોજાનાર ઓલમ્પિકની પૂર્વ તૈયારીના ભાગ રૂપે વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ આપવાનો પ્રયાસ સ્કૂલબોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો.

૫૦ મી.,૧૦૦ મી. દોડ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ગોળાફેંક અને ક્રિકેટ વગેરે રમતોમાં દરેક ઝોનના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો . ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વોલીબોલ અને ખો-ખો જેવી રમતો રમીને સર્વે ખેલાડીઓનો ઉત્સાહ બમણો કર્યો. પ્રથમ અને દ્વિતીય ક્રમાંક મેળવનાર ખેલાડીઓને ૨૨-૨૨ ખેલાડી તેમજ તૃતીય ક્રમાંક મેળવનાર ૧૦ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી આ ઉપરાંત ૧૫૬ ગોલ્ડ, ૧૫૬ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા.




**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ૨૮/૦૨/૨૦૨૩**

ભારતના મહાન વૈજ્ઞાનિક ચંદ્રશેખર વેંકટ રામનના સન્માન અને સ્મૃતિમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. આજ દિવસે રામન ઈફેક્ટ ની શોધ માટે નોબલ પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

**"SCIENCE IS THE POETRY OF REALITY."**

ઉપરોક્ત વિધાનને સાર્થક બનાવતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની દરેક શાળાઓમાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. ડૉ. સી. વી. રામન વિશે વિસ્તૃત માહિતી બાળકો ને આપવામાં આવી હતી. વિજ્ઞાનખંડમાં બાળકોને અલગ અલગ સાધનો નિર્માણ તથા તેના ઉપયોગ વિશે પ્રદર્શન ગોઠવવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક રમકડાઓનું નિર્માણ કર્યું હતું. શિક્ષકો માટેની વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા તેમજ વિદ્યાર્થીઓ માટે ક્વિઝ રાખવામાં આવી હતી. વિજ્ઞાન દિવસ ઉજવણીનો હેતુ બાળકોમાં અવલોકન શક્તિ, તર્ક શક્તિ તથા નિર્ણય શક્તિમાં વધારો કરવાનો હતો.



રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી દ્વારા શહેરના સાયન્સ સિટી ખાતે તારીખ ૨૮ ફેબ્રુઆરીથી ૪ માર્ચ સુધી સાયન્સ કાર્નિવલ -૨૦૨૩ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્કૂલ બોર્ડના ૧૬૦૦૦ વિદ્યાર્થીઓએ વિના મૂલ્યે સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી .જેમાં વિવિધ સંશોધનો પર વ્યાખ્યાન માળા, સાયન્ટિફિક એક્ઝિબિશન, હેન્ડસ ઓન વર્કશોપ, થ્રીડી રંગોળી, વિજ્ઞાનના પ્રયોગોનું નિર્દેશન, હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ, મેઝીક શો , વિજ્ઞાન પુસ્તકમેળો, સાઉન્ડ એન્ડ લાઇટ શો તેમજ પ્લેનિટેરિયમ શો વગેરેનો લાભ લીધો હતો.

**'આદિ થી આઝાદી સુધી ઇતિહાસની સફરે' શીર્ષક હેઠળ પશ્ચિમ ઝોન ૧-૨ નો ઋણ સ્વીકાર કાર્યક્રમ (૦૨/૦૩/૨૦૨૩)**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના પશ્ચિમ ઝોન ૧-૨ ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આદિથી આઝાદી સુધી ઈતિહાસની સફરે તથા શૈક્ષણિક સિદ્ધિ માટે ઉત્કૃષ્ઠ પ્રયાસ કરનાર શ્રેષ્ઠ શિક્ષક અને વિદ્યાર્થીઓનો ઋણ સ્વીકાર સમારોહ તા. ૦૨/૦૩/૨૦૨૩ ના રોજ પંડિત દિનદયાલ હોલ બોડકદેવ ખાતે યોજવામાં આવ્યો હતો..



આ કાર્યક્રમની શરૂઆતમાં પધારેલા સહુ માનવંતા મહેમાનોનું વૈદિક મંત્રોચ્ચારથી તિલક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના પ્રથમ સોપાન સમાન ઈતિહાસના વિવિધ પાત્રો અને પરિસ્થિતિઓને તાદશ્ય કરતા પ્રદર્શનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં આદિમાનવ થી લઈને ઈતિહાસના વિવિધ રાજાઓ, પ્રસંગો અને યુદ્ધોનું સુંદર મજાનું નાટ્યીકરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા સોપાન સમાન "આદિથી આઝાદી સુધી ઈતિહાસની સફરે" એ નાટ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સહુ બાળકોએ ભારતના ભવ્ય ઈતિહાસની માહિતીસભર અને આનંદદાયક ઝાંખી કરાવી હતી. ઈતિહાસ વિષય પર સૌ પ્રથમ આવા પ્રંચડ અને સફળ કાર્યક્રમનું આયોજન થયું હતું જે ખૂબ જ સરહાનીય



છે.કાર્યક્રમના મહત્વના સોપાનમાં  શિક્ષકોની સિદ્ધિને બિરદાવવા અને ઋણ સ્વિકાર કરવા માટે **FLN** મુક્ત શાળાઓના આચાર્યો , **FLN** મુક્ત વર્ગોના શિક્ષકો , સૌથી વધારે હાજરી ધરાવતા વર્ગોના વર્ગ શિક્ષકો અને કાર્યક્રમમાં સહકાર આપનાર મદદકર્તાઓ અને સહુ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.



### “રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ તાલીમ”

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદની શાળાઓની વિદ્યાર્થીનીઓના સ્વરક્ષણ અને તેમજ આત્મવિશ્વાસ વધે તે માટે કુલ ૩૩૧ શાળાઓની વિદ્યાર્થીનીઓ માટે રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ તાલીમનું આયોજન SSA અને સ્કૂલબોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીનીઓને પંચીંગ, બ્લોકિંગ, રેસલિંગ, કરાટે, જુડો, ફાઈટ કરાટે જેવી પાયાની સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. જેથી વિદ્યાર્થીનીઓ પોતાના વ્યક્તિગત જીવનમાં સ્વરક્ષણ માટે આત્મનિર્ભય બને જે અતંર્ગત ૨૯૦૦૦ વિદ્યાર્થીનીઓને તાલીમ આપી હતી.



### સિગ્નલ સ્કૂલના બાળકોને વોકેશનલ તાલિમ

સ્કૂલ બોર્ડ દ્વારા અનંત યુનિવર્સિટી સાથે થયેલા  M.O.U. અંતગર્ત સિગ્નલ સ્કૂલના વિદ્યાર્થીઓની અનંત યુનિવર્સિટી દ્વારા વોકેશનલ તાલીમ આપવામાં આવી. આ તાલીમ અંતર્ગત વિવિધ જાતની હસ્તકલાની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી  અને વિવિધ પ્રકારના માસ્ક બનાવી અને તેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું .જેથી વિદ્યાર્થીઓમાં વિવિધ સ્કીલ ડેવલોપ થાય અને તે આત્મનિર્ભર બને તેવા સંનિષ્ઠ પ્રયાસો સ્કૂલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

---

## બાળ નગરી




### સાબરના શિંગડા

પ્રાચીન સમયની વાત છે. એક ખૂબ ગીચ જંગલ હતું, તેમાં ઘણાં પશુ પક્ષીઓ રહેતા હતાં. એ જંગલની વચ્ચે ઘાસનું એક મેદાન હતું. તેમાં સાબરનું એક ટોળું રહેતું હતું. એક વખત એક સાબર તે ટોળામાંથી વિખુટું પડી ગયું હતું. માર્ગ શોધતાં શોધતાં તે ખૂબ આગળ નીકળી ગયું હવે તે ખૂબ તરસ્યું થયું હતું. તેણે એક તળાવ જોયું. તે રાજી થઈ ગયું. તળાવ કિનારે આવી તે નીચું મોં કરી પાણી પીતું હતું ત્યાં તેની નજર પાણીમાંના પોતાના પ્રતિબિંબ પર પડી, એ પોતાના સુંદર રૂપને ઘડીભર જોઈ રહ્યું. પોતાનો ભરાવદાર સુંદર દેહ અને રૂપાળા શિંગડા તેને ખૂબ ગમી ગયાં. પણ તેણે પોતાના પાતળા અને લાંબા પગ જોયા ત્યારે તેને ખૂબ અફસોસ થયો અને શરમ આવી, તે મનોમન બોલ્યું, “અહા, શું મારા શિંગડા છે, જાણે મારા માથા ઉપર સુંદર મુગટ, આ શિંગડાથી તો હું ખૂબ શોભું છું, આ રૂપાળા શિંગડા મારી શાન છે, પરંતુ આ લાંબા કદરૂપા પગથી તો હું લજવાઈ જાઊં છું.”

સાબર પાણી પીતું હતું એવામાં કેટલાંક શિકારી કૂતરાઓનો ના ભસવાનો અવાજ એના કાને પડ્યો. તે સમજી ગયું કે શિકારી કૂતરાઓ પોતાની તરફ આવી રહ્યાં હતાં. સાબર ત્યાંથી જીવ લઈને નાઠું, અને જંગલની ઝાડી સુધી પહોંચી ગયું.

તે સમય દર્મ્યાન પેલા શિકારી કૂતરાઓ પણ ખૂબ ઝડપથી તેની પાછળ પાછળ આવી પહોંચ્યા. કૂતરાઓથી બચવા સાબર આ ઝાડીમાંથી છટકીને આગળ ભાગી જવા માંગતું હતું. પણ એના વાંકાચૂકા શિંગડા ઝાડીમાં ભરાઈ ગયા, એ ઝાડીમાં એવા તે ફસાઈ ગયા કે સાબર ત્યાંથી ભાગી ન શક્યું.





શિકારી કૂતરાઓ ત્યાં આવી પહોંચ્યા, તેમણે સાબરને ફસાયેલું જોયું. તેઓ સાબર તરફ દોડી આવ્યાં. સાબરે પોતાનું સમ્ગ્ર જોર લગાવી ઝાડી તોડી કાઢી અને ભાગવા લાગ્યું. કૂતરાઓ તેની પાછળ પડ્યાં પણ સાબરની ઝડપને કારણે તેને નાથી શક્યાં નહી. છેવટે સાબર બચી ગયું. સાબરને વિચાર આવ્યોઃ “મારા કદરૂપા પગ જેનાથી હું લજવાઈ જતું હતું એણે તો મારો જીવ બચાવ્યો, પણ આ વખાણેલા રૂપાળા શિંગડા જેને જોઈને મને ગર્વ થતો હતો એણે જ મને ફસાવ્યું, અને મારા મૃત્યુનું કારણ બન્યાં હોત.”

**બોધ – સાચા કે ખોટા સાથીદારનું પારખું સંકટ સમયે જ થાય છે.**



## પ્રેરક વ્યક્તિત્વ



### ડો. સી વી રામન

ડૉ. સી.વી. રામનનો જન્મ ભારત દેશના દક્ષિણ ભાગમાં આવેલા તામિલનાડુ રાજ્યનાં તિરુચિરાપલ્લી ખાતે હિંદુ, બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમની માતૃભાષા તમિલ છે. બાળપણમાં જ તેમના પરિવારને વિશાખાપટનમ, આંધ્રપ્રદેશ ખાતે રહેવા જવાનું થયું. તેમના પિતાજી ગણિત તથા ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા હોવાને કારણે રામનને ભણવાનું યોગ્ય વાતાવરણ ઘરમાં જ મળી ગયું હતું. આ વિષયોના તેમના ઊંડા અભ્યાસે વોલ્ટેરની કોલેજમાં તેમને સ્થાન મળ્યું અને વિદ્યાર્થી આલમમાં તે ખુબ પ્રિય થઈ પડ્યા. ખગોળશાસ્ત્રમાં પણ તેમને ઊંડો રસ હતો. તેમના ભત્રીજા સુબ્રમણ્યન ચંદ્રશેખરને પણ ભૌતિકશાસ્ત્રના વિષયમાં નોબેલ પુરસ્કાર ઇ.સ. ૧૯૮૩ના વર્ષમાં એનાયત કરવામાં આવ્યો હતો.

રામન પ્રેસિડન્સી કોલેજ, ચેન્નઈ ખાતે ઇ.સ. ૧૯૦૨ના વર્ષમાં દાખલ થયા, અને ઇ.સ. ૧૯૦૪નાં વર્ષમાં એમણે સ્નાતકની પદવી મેળવી. જેમાં એમણે પ્રથમ સ્થાને રહી સુવર્ણચંદ્રક પણ જીત્યો હતો.

ડૉ. ચંદ્રશેખર વેંકટરામને ઈ.સ. ૧૯૨૮ની ૨૮ ફેબ્રુઆરીના દિવસે પ્રકાશના પરાવર્તનની વિસ્મયકારક ઘટના નિહાળી. વિજ્ઞાનજગતમાં આ ઘટનાનો પ્રભાવ એટલો બધો પડ્યો કે, સમગ્ર એશિયામાંથી ભૌતિકશાસ્ત્રમાં નોબલ પારિતોષિક સૌ પ્રથમ તેમને એનાયત થયું હતું. વિજ્ઞાનની આ સુવર્ણ ઘડીને બિરદાવતાં ૨૮મી ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" તરીકે ઉજવાય છે. ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ. રામને તેમની નોબેલ પુરસ્કાર મેળવનારી શોધ 'રામન ઈફેક્ટ'નો આવિષ્કાર કર્યો હતો. પ્રકાશના કિરણો કઈ રીતે કામ કરે છે તે વિશે તેમણે ઊંડું સંશોધન કર્યુ હતું જે પાછળથી ભૌતિક વિજ્ઞાન જગતમાં 'રામન ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

## નવી નવી વાતો



### કાચાં ઉતારેલાં ફળ પણ પાકાં કેમ થાય છે ?

ખરેખર તો એક વાર જો ફળ પરિપક્વ (સંપૂર્ણ વિકસિત) થઈ જાય તે પછી પાકવા માટે પોષણની જરૂર પડતી નથી. તે તેમાં થતાં જૈવ-રાસાયણિક (બાયોકેમિકલ) ફેરફારોથી પાકે છે.

જેમ મનુષ્યમાં મૃત્યુ પછી પણ થોડા કલાક સુધી શરીરના કેટલાક કોષો જીવંત હોય છે (દા. ત. આંખના કોષો) તેમ વનસ્પતિના ફળના કોષો પણ લાંબા સમયની વિવિધ પ્રક્રિયાઓને અંતે નાશ પામે છે, અને તેમાંથી બીજ છૂટું પડે છે. આ પ્રક્રિયાઓને કારણે ફળમાં કેટલાક ફેરફાર થાય છે, જેને આપણે ફળ પાકી ગયું તેવું કહીએ છીએ.



સામાન્ય રીતે રંગમાં લીલા, કડક તેમજ સ્વાદમાં તૂરા એવા કાચા ફળ પાક્યા બાદ નરમ બને છે અને તેના સ્વાદ તથા રંગમાં ફેરફાર થાય છે, જેને આપણે ફળ પાકવાની ક્રિયા કહીએ છીએ, પરંતુ પાકવાની આ ક્રિયા સંપૂર્ણ વિકસિત (પુખ્ત) ફળમાં બને છે. અપરિપક્વ ફળ કુદરતી રીતે પાકતાં નથી. જેમ કે પૂરેપૂરી વિકસેલી ન હોય તેવી કાચી કેરીને મૂકી રાખવાથી પણ તે પાકતી નથી, જ્યારે પૂર્ણપણે વિકસેલી પણ પાકેલી ન હોય તેવી કેરી થોડા દિવસોમાં પાકી જાય છે.

મોટા ભાગે ફળ પાકવાની ક્રિયામાં ૧) રંગમાં ફેરફાર થવો. ૨) ફળનું નરમ અને પોચું બનવું. ૩) સવાદમાં ફેરફાર થવું. જેવા બદલાવ જોવા મળે છે



### વાચકો,લેખકો અને ચાહકો જોગ

**મારે પણ કંઈક કહેવું છે** - શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ અરૂણોદય સામયિકમાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે . જે શિક્ષકની રચના કે ક્રિયાત્મક કામગીરી પસંદ થશે તેના ફોટા સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

**પ્રવૃત્તિનું પાંજરૂ** - આપની શાળા કે શિક્ષક દ્વારા શિક્ષણ અને બાળઘડતરને ઉપકારક પ્રયાસ કે ઈનોવેટીવ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ હોય તો તેની ટૂંકી વિગત અને ફોટા સાથેનો અહેવાલ આ સામાયિકમાં પ્રગટ કરવા માટે Email ઉપર આવકારવામાં આવશે.

**નોંધઃ**- રચના/લેખ મૌલિક જોઈએ, ટૂંકમાં જોઈએ, શુદ્ધ જોડણી સાથે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ થયેલ હોવા જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગિતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ,**
નૂતન તાલીમ વિભાગ, એલિસબ્રિજ શાળા નં. ૨, પાલડી, અમદાવાદ
Email Id : amcsbntv@gmail.com